જીવન સંદેશ મિનિસ્ટ્રીઝ

બેઉલાહ અલાયન્સ ચર્ચ કમ્પાઉન્ડ, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮. ફોન : ૭૪૩૩૯૦૨૧૧૧
E-mail - jsm2277@gmail.com, Website : www.jivansandesh.org

"હે મારા આત્મા યહોવાની સ્તુતિ કર"
(ગી.શા. ૧૪૬:૧)

ખાનગી વિતરણ માટે

જાન્યુઆરી - ફેબ્રુઆરી - ૨૦૨૫

Go....Make Disciples

દર્શન વિધાન

"ખોવાયેલાઓને શોધવા તથા શોધેલાઓને શિષ્ય બનાવવા."

સેવાકાર્યો

- ★ મલ્ટીમિડીયા સેવા
- ★ પધ્ધતિસરનું ફોલોઅપ
- ★ શિષ્યપણાની તાલીમ
- ★ યુગલ સમૃદ્ધિ શિક્ષણ
- ★ નારી જીવન સંચાર

સેવાકાર્ય વિધાન

- ★ જેઓ સત્યની શોધ કરી રહ્યાં છે તેઓને સરળતાથી, સ્પષ્ટતાથી તથા અધિકાર સાથે પધ્ધતિસર ઈશ્વરનાં વચનો શીખવવા.
- ★ જેઓને પ્રભુ ઈસુની (સત્યની) અંગત ઓળખ થઈ છે તેઓને આધ્યાત્મિક પરિપકવતા તરફ વૃદ્ધિ આપવા માટે તથા આધ્યાત્મિક નેતાગીરી માટે તાલીમ આપવી અને સુસજ્જ કરવા.

"દરેક માણસને ખ્રિસ્તમાં સંપૂર્ણ થયેલો રજૂ કરીએ એ માટે અમે તેમની વાત પ્રગટ કરીએ છીએ, અને દરેક માણસને બોધ કરીએ છીએ તથા સર્વ પ્રકારના જ્ઞાનથી દરેક માણસને શીખવીએ છીએ. એને માટે હું પણ તેમની પ્રેરણા શક્તિ જે બળથી મારામાં પ્રેરણા કરે છે, તે પ્રમાણે કષ્ટ કરીને મહેનત કરું છું."

કોલોસી ૧ :૨૮-૨૯

પ્રભુમાં વહાલાઓ વર્ષ ૨૦૨૪ પળવારમાં સમાપ્ત થઈ ગયું જોત જોતામાં ૨૦૨૫ ના બે મહિના પસાર થઈ ગયા. ત્યારે આ વીતી જતા વર્ષોમાં ઘણી વાર વિશ્વાસી વ્યક્તિને પ્રભુએ આપેલો મહાન આદેશ માત્થી ૨૮:૧૯ "જાઓ... શિષ્ય બનાવો" જાણે વિસરાતો જાય છે પરંતુ એજ વાતને કોલોસીના પત્રમાં જણાવ્યા પ્રમાણે પાઉલ પ્રેરીત આજે ફરીથી આપણને યાદ અપાવે છે. અથવા "ખ્રિસ્તમાં સંપૂર્ણ થયેલો માણસ". એ વિધાનને આપણે પાઉલ પ્રેરિતની દષ્ટિએ જોવા માગીએ છીએ, અને આ વચન જાણે આપણને સજાગ કરે છે. એમાં આપણને ચાર વાત જોવા મળે છે.

પહેલી વાત - "જાત તપાસ" અહીં પાઉલ પ્રેરીત વ્યક્તિના બદલાણની વાત કરે છે જે વ્યક્તિને પોતાના પાપોનું ભાન થાય બાદ, કબુલાત અને પાપોની માફી આ પ્રક્રિયામાંથી પસાર થાય એ અંગેની ચેતવણી આપે છે. જેથી તેઓ આવનાર કોપથી બચી જાય.

બીજીવાત - "સૈધ્ધાંતિક સુચના" અહીં પાઉલ પ્રેરીત દરેક વિશ્વાસી વ્યક્તિ ઈશ્વર પ્રત્યે પુરે પુરો પુખ્ત, વિકસીત પૌઢ ખ્રિસ્તી તરીકે હાજર કરવાની વાત કરે છે.

ત્રીજી વાત - "સુવાર્તા" આ જ અધ્યાયની ૨૪ થી ૨૯ કલમમાં પાઉલ પ્રેરીત આપણે જોઈએ છીએ કે પોતે જે સુવાર્તા કેવી પરિસ્થિતિમાં પ્રસારી, એવા નમૂના દ્વારા એક વિશ્વાસીની ઈશ્વરના દર્શનને જગત સુધી લઈ જવાની વાત કરે છે. અને એવા વિશ્વાસી થઈને સુવાર્તાના કામમાં સહભાગી થાય.

ચોથી વાત - "સંપૂર્ણતા" જ્યારે વ્યક્તિ ઈશ્વરની આધિનતામાં જીવે છે અને ખિસ્તને કેન્દ્ર સ્થાને રાખે છે અને ઈશ્વરના વચનો આધારી જીવન જીવી અને બીજાના શીખવનારી વ્યક્તિ બને છે. અને આવી જ આ પ્રક્રિયામાં બીજાને તૈયાર કરી સામેલ કરે છે. ત્યારે સંપૂર્ણતાની પાયરીએ પહોચી શકે છે.

પ્રભુ આજે આજ વાત આપણને કહી રહ્યા છે ખ્રિસ્તી વિશ્વાસી તરીકે આ કાર્યોમાં આપણી સહભાગીતા હોવી જરૂરી છે. ૨૦૨૫માં પ્રભુ એના મહાન કાર્યમાં આપણો ઉપયોગ કરે અને ઈશ્વરનો મહિમા થાય.

પ્રભુની સેવામાં

ઈનોક ક્રિશ્ચિયન

ડાયરેક્ટર, જીવનસંદેશ મિનિસ્ટ્રીઝ

જીવનસંદેશ પરિવાર સંગત

તા. ૫ જાન્યુઆરી, ૨૦૨૫ ના રવિવારે સાંજ ૬.૩૦ કલાકે અલાયન્સ ચર્ચ, સિયોનનગર ખાતે જીવનસંદેશ પરિવાર સંગતનું આયોજન કરવામાં આવ્યું. આ સંગતમાં જીવનસંદેશ સ્ટાફ, બોર્ડ-સોસાયટી, જીવનસંદેશ દાન ઉઘરાવનારની સેવા આપવનાર, તેમજ જીવનસંદેશની જુદી જુદી સેવાઓમાં મદદરૂપ થનાર કુટુંબ સાથે ભાગીદાર બન્યા. આ દિવસે રેવ. લિનસ ઈસાઈ સાહેબ દ્વારા વચનની સેવા આપવામાં આવી. ઈનોક ક્રિશ્ચિયન દ્વારા જીવનસંદેશની સેવાકીય માહિતી આપવામાં આવી ૨૦૨૫ ના આયોજનો માટે પ્રાર્થના વિનંતી આપવામાં આવી. સંગત બાદ ભોજનની સંગત પણ કરવામાં આવી. જીવન સંદેશ યુ ટ્યુબ ચેનલમાં સંગીતની સેવામાં જોડાયેલાં વ્યક્તિઓ દ્વારા આ દિવસે આત્મિક ગીતોની સેવા સ્વીકારી.

સ્વ. શ્રી પીટરભાઈ કે. ક્રિસ્ટી

પીટરભાઈ જીવન સંદેશની દાન ઉઘરાવવાની સેવામાં ૨૦ વર્ષથી વધારે સેવા આપી. ઘણાં વર્ષોથી પીટરભાઈ અને આખું કુટુંબ જીવન સંદેશ સાથે સંકળાયેલ હતું. પરંતુ પીટરભાઈ એમની નોકરીમાંથી નિવૃત થયા બાદ જાણે જીવન સંદેશના કાયમી સેવાકર્મી હોય એમણે જીવન સંદેશની દાન ઉઘરાવવાની સેવા સ્વિકારી. શરૂઆતમાં કુટુંબોની મુલાકાત લેવી પ્રાર્થના કરાવી આ બધું એમની માટે સરળ ન હતું. પરંતુ પ્રભુ પરના પ્રેમ અને વિશ્વાસમાં જીવન જીવતા હોય દરેક પરિસ્થિતિ પર પ્રભુ એમને સફળ કરતા ગયા. પીટરભાઈના જીવન સંબંધી કહીએ તો ખુબ નિખાલસ, મળતાવળો સ્વભાવ, ચહેરા પર હંમેશા સ્મિત અને કોઈ પણ પરિસ્થિતિમાં પ્રભુ પરનો વિશ્વાસ અડગ. જીવન સંદેશ પરિવારને આવા એક પ્રભુના સેવક ગુમાવ્યાનું દુઃખ ભારે છે. અમારી પ્રાર્થના છે મોનીકાબેન અને એલ્વીનને તથા સમગ્ર પરિવારને પ્રભુ આત્મિક દિલાસો પુરો પાડે.

રીનોવેશન કાર્યમાં સહભાગીતા

પ્રભુમાં વહાલા ભાઈઓ/બહેનો
પ્રભુ ઈસુના ગૌરવી નામમાં પ્રેમી સલામ.

જીવન સંદેશ સેવા આજ દિન સુધી ટકી રહી છે તેનું મુખ્ય કારણ છે આપ દ્વારા થતી પ્રાર્થનાઓ અને દાનનો ટેકો, તેમજ જીવન સંદેશની સેવામાં આપનું કોઈ ને કોઈ રીતે અપાતું યોગદાન. આ સર્વ માટે અમે આપના અને પ્રભુના આભારી છીએ.

આપ જાણો છો તેમ જીવન સંદેશની ઓફિસ બેઉલાહ અલાયન્સ ચર્ચના ઉપરના ભાગે આવેલી છે. પાછલા દિવસોમાં બેઉલાહ ચર્ચના બિલ્ડીંગનું રીનોવેશન કાર્ય હાથ ધરવામાં આવ્યું તે દરમ્યાન એન્જિનીયર્સ અને આર્કિટેક દ્વારા જીવન સંદેશના ત્રણ લીટરેચર રૂમ, બે ઓફીસના રૂમ અને રોકોર્ડિંગ સ્ટુડિયોના બે રૂમ, તેનું ફ્લોરીંગ તથા ધાબુ વગેરેનો સર્વે કરવામાં આવ્યો. આ બાંધકામને આશરે ૪૦ વર્ષ થવા આવ્યા છે. જીવન સંદેશના બાંધકામના તમામ પાસાને

ધ્યાનમાં રાખી કરેલા સર્વેના આધારે તારણ કાઢવામાં આવ્યું કે, બિલ્ડીંગનું ધાબું નબળું પડ્યું છે. જુદા જુદા રૂમ, સ્ટુડિયોની દિવાલોમાં ધરતીકંપ પછીની તિરાડો વધી છે જે જતા દિવસે નુકસાનકારક બની રહે તેમ છે. તેથી બેઉલાહ ચર્ચ બિલ્ડીંગના રીનોવેશન સાથે જીવન સંદેશના રૂમો, સ્ટુડિયો, ઓફિસ, ધાબુ, ફ્લોરીંગ વગેરેનું પણ સમારકામ કરાવીએ તો જીવન સંદેશના બાંધકામની મજબૂતાઇ વધશે અને ખર્ચમાં પણ રાહત થશે.

આ બાબતને ધ્યાનમાં લઈ જીવનસંદેશ બોર્ડ અને સોસાયટી દ્વારા લંબાણપૂર્વક ચર્ચા વિચારણા બાદ જીવનસંદેશના તમામ રૂમ તથા રેકોર્ડિંગ સ્ટુડિયોનું રીનોવેશન તથા અન્ય જરૂરી કાર્ય કરવા અંગે સંમતિ આપી. તમામ બાંધકામ અને રેકોર્ડિંગ સ્ટુડિયોના નવનિર્માણ કાર્યનો અંદાજીત ખર્ચ આશરે ૨૫ થી ૩૦ લાખ રૂપિયા થાય તેમ છે.

આ કાર્ય કરવું તાકિદનું અને અનિવાર્ય હોવાથી આ રીનોવેશન કાર્ય હાથ ધરવામાં આવ્યું છે, ત્યારે આપના સાથ સહકાર અને દાનોના ટેકાની જરૂર છે. જો આપ આ સેવા કાર્ય માટે દાન આપવા માંગો છો અથવા કોઈ સાધનો માટે મદદરૂપ થવા માંગો છો તો નીચે આપેલ ફોન નંબર અથવા ઈ-મેઈલ દ્વારા જીવન સંદેશનો સંપર્ક કરવા વિનંતી છે.

આ કાર્યને આપની પ્રાર્થનાઓમાં ધરી રાખવા વિનંતી છે. આભાર સાથે,

ખ્રિસ્તમાં સાથી સેવક,
શ્રી ઈનોક કિશ્ચિયન
ડાયરેક્ટર-જીવન સંદેશ મિનીસ્ટ્રી
મો. : ૯૩૨૭૦૩૫૦૬૭
ઈ-મેઈલ : jsm2277@gmail.com





૨૦૨૪ માટે આભાર માનીએ...

૧. જીવન સંદેશ ૨૦૨૪માં સેવાકાર્યને પ્રભુ એ આશિર્વાદીત કર્યું
૨. જીવનસંદેશ એપ્લીકેશન અને યુટુબ ચેનલની સેવાઓ ખુબ અસરકાર રીતે આગળ વધી રહી છે.
૩. દર બુધવારે ઝુમ એપ્લીકેશન પરથી ઓનલાઈન બાઈબલ અભ્યાસ થઈ રહ્યો છે
૪. પત્ર મિત્ર સેમિનાર બહેનો માટે થઈ શક્યો
૫. લવચાલી ડાંગ ખાતે યુગલ સમૃધ્ધિ સેમિનાર અને ૨:૭ શ્રેણીનો શિષ્યપણાનો સેમિનાર થઈ શક્યો.
૬. નારીજીવન સંચાર સેવા નીચે બહેનોની ક્વીઝ, જુદી જુદી મંડળીઓમાં એક દિવસીય રીટ્રીટ કરી શક્યા
૭. જીવન સંદેશ સ્ટાફ, બોર્ડ અને સોસાયટી સભ્યોની સેવાઓ માટે
૮. શ્રી એલેક્ષઝાન્ડરભાઈ મેકવાન અને તેમનો દિકરા શ્રી રીચાર્ડ મેકવાન જેઓ એ જીવન સંદેશ માટે પોતાનું ઘર ઓફિસ અને સ્ટુડિયો માટે પોતાનું ઘર ખુલ્લું મુક્યું.
૯. જીવન સંદેશ સેવા માટે દાન ઉઘરાવનાર ભાઈ બહેનો માટે
૧૦. જીવન સંદેશ સેવામાં યુટુબ ચેનલ તેમજ સેમિનારોમાં શિક્ષણ અને વચનની સેવા આપનાર પ્રભુના સેવકો અને સેવિકાઓ માટે
૧૧. જીવન સંદેશને નિયમીત પ્રાર્થનામાં ધરા રાખનાર અને દાન આપનાર કુટુંબો માટ
૧૨. જીવન સંદેશ સ્ટાફને વચનની અને શિક્ષણની સેવામાં જુદી જુદી મંડળીઓ અને સંસ્થામાં પ્રભુએ ઉપયોગ કર્યો.

૨૦૨૫ માટે પ્રાર્થના કરીએ

૧. જીવન સંદેશની યુટુબ ચેનલ અને એપ્લીકેશનની સેવાઓ દ્વારા વિશ્વના વધુ લોકો સુધી પહોંચી શકીએ
૨. જીવન સંદેશની ફોલોઅપ સેવામાં પત્રમીત્રો સાથેનો સંપર્ક વધુ સક્રિય બને, મુલાકાત લઈને ઉત્તેજન આપી શકાય
૩. આવર્ષે જુદી જુદી મંડળીઓ અને સંસ્થાઓમાં શિષ્યપણાના તેમજ યુગલ સમૃધ્ધિ શિક્ષણ ના સેમિનારનું આયોજન થઈ શકે.
૪. નારી જીવન સંચાર દ્વારા બહેનો માટે રીટ્રીટ, બાઈબલ ક્વીઝ તેમજ અન્ય આયોજનમાં પ્રભુ કૃપા પુરી પાડે
૫. જીવન સંદેશ સ્ટુડિયો ઓફિસ નું રીનવોશન કાર્યને આશિર્વાદીત કરે
૬. જીવન સંદેશના વહીવટી કાર્યમાં પ્રભુ કૃપા પુરી પાડે
૭. જીવન સંદેશના સેવાકાર્યો અને રીનોવેશન પ્રોજેક્ટ માટે પ્રભુ નાણાં પુરી પાડે.ૉ
૮. દાન ઉઘરાવનાર સેવક સેવિકાઓની તંદુરસ્તી પ્રભુ સાચવે અને જરૂરિયાતો પ્રભુ પુરી પાડે.
૯. જીવન સંદેશ સ્ટાફને વર્ષ દરમ્યાન પ્રભુ સેવાકાર્ય, વચનની અને શિક્ષણની સેવાઓમાં દોરવણી પ્રાપ્ત થાય.

આપની સેવામાં

જીવન સંદેશ સેવાક્ષેત્રને ગુજરાતી જુદી જુદી મંડળીના પાળક સાહેબો, તથા આગેવાનો દ્વારા તથા સંસ્થાઓના આગેવાનો દ્વારા જે સાથ, સહકાર અને ઉત્તેજન પ્રાપ્ત થયા છે તે માટે અમે પ્રભુનો તથા તમામ આગેવાનો અને પાળક સાહેબોનો અંતઃકરણથી આભાર માનીએ છીએ. જીવન સંદેશ સેવા કાર્યનો મુખ્ય હેતુ જીવનોને પ્રભુના રાજ્ય માટે બાંધવાનો તથા સુસજ્જ કરવાનો છે. જીવન સંદેશ તરીકે અમે આપની મંડળી અથવા સંસ્થાઓની આદ્યાત્મિક ઉન્નતિ માટે સેવામાં સંકળાયેલા ભાઈ બહેનો તથા લેમેન ભાઈઓ-બહેનોના આધ્યાત્મિક વિકાસ માટે તથા તેમને મંડળીની સેવામાં વધુ પરિપકવતા તરફ વૃદ્ધિ પામવા માટે અને નીચેના ક્ષેત્રમાં આપની સેવા કરવા તૈયાર છીએ.

૧. યુગલોના જીવનોને સુદૃઢ કરવા તથા તેમના સંબંધોને વિકસાવવા માટે વ્યવહારૂ શિક્ષણ "યુગલ સમૃદ્ધિ શિક્ષણ સેમીનાર".
૨. આધ્યાત્મિક નેતાગીરી માટે સુસજ્જ બનવા "૨:૭ શ્રેણી"નો શિષ્યપણાનો તાલીમ અભ્યાસ.
૩. નવા વિશ્વાસીઓ માટે પદ્ધતિ અને પત્ર વ્યવહાર દ્વારા કરવાનો અભ્યાસક્રમ.
૪. બહેનોના જીવનોને સ્પર્શતા જુદા જુદા ક્ષેત્રોને ધ્યાનમાં રાખી તેઓને શિક્ષણ આપવા માટેના સેમીનાર અથવા રીટ્રીટ.

ઉપરના તમામ ક્ષેત્રોમાં રીટ્રીટ કે સેમીનારના આયોજન માટે જીવન સંદેશ તરીકે અમે પૂરેપૂરો સાથ અને સહકાર આપવા તૈયાર છીએ. વધુ માહિતી માટે જીવન સંદેશ ઓફિસનો સંપર્ક કરવો.

આપ આપનું દાન બેંક ટ્રાન્સફર્સ દ્વારા અમારા બેંક એકાઉન્ટમાં જમા કરાવી શકો છો. જેની પહોંચ આપને મોકલી આપવામાં આવશે.

★ બેન્ક : સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા (૦૧૦૩૮) મણિનગર.
★ બેન્કનું સરનામું : રામજી મંદિર સામે, પુનિત આશ્રમ રોડ, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.
★ બેંક એકાઉન્ટ : જીવન સંદેશ મિનિસ્ટ્રીઝ
★ **A/c No. : 10246210913 •**
Bank IFS Code : SBIN0001038
★ નોંધ : આપ જ્યારે બેંક દ્વારા દાન મોકલાવો ત્યારે તેની જાણ અમને ફોન દ્વારા અથવા મેઈલ દ્વારા અવશ્ય કરવા વિનંતી છે.
★ મો. નંબર : ૦૯૩૨૭૦ ૩૫૦૬૭ (ઈનોક ક્રિશ્ચિયન)
E-mail : jsm2277@gmail.com

નોંધ : આ બેંક ટ્રાન્સફર પરદેશમાંથી દાન મોકલવા માટે નથી. પણ જો આપ દાન આપવા માગો છો તો જીવન સંદેશના ઈ-મેઈલ અથવા ફોન દ્વારા સંપર્ક કરવા વિનંતી.